જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૬/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૪૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૩	૦	૧૧૫૧૩	૧૭૬૩૨	૦	૧૭૬૩૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૮	૨	૯૦	૩૧૨	૫	૩૧૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૪૮૮૬	૨૯૧	૫૫૧૭૭	૫૫૫૨૧	૨૮૩	૫૫૮૦૪
કુલ		૭૧૧૯૫	૨૯૩	૭૧૪૮૮	૭૯૭૦૮	૨૮૮	૭૯૯૯૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૯	૩,૩૨,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૦૮	૧૯,૦૮,૦૦૦/-

નાસ્તા ફરતા આરોપીની અટકાયતની વિગત

વટવા પોલીસ સ્ટેશન

એક વર્ષથી સુરત શહેરના લિંબાયત પોલીસ સ્ટેશનના મર્ડરના ગુનામા નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી વટવા પોલીસ

મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રી વાસ્તવ સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ નાસ્તા ફરતા/વોંટેડ આરોપી પકડી આપવા તથા મિલક્ત સંબધી ગુનાઓ શોધવા આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોર્ડના પી.એસ.આઇ. વી.એમ. સાટીયા નાઓ ટીમ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.હે.કો. નિમીતકુમાર છગનભાઇ તથા અ.પો.કો. જયદિપભાઇ મનુભાઇ નાઓની ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત આધારે લીંબાયત પોલીસ સ્ટેશન (સુરત સીટી) ૧૧૨૧૦૦૨૫૨૦૩૪૭૩/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૦૨, ૩૨૪, ૧૧૪ ધી જી.પી. એક્ટ ની કલમ ૧૩૫(૧) મુજબના ગુનામા પોતાની ધરપકડ ટાળવા નાસ્તા ફરતા આરોપી નામે આનંદ વામન પવાર (આનંદ સ/ઓ આનંદભાઇ સલાટ) ઉવ : ૩૫ ધંધો : છુટક મજુરી રહે : મ.નં- ૧૯૪, માનવ નગર સોસાયટી, ટંકારની પાછળ, વટવા અમદાવાદ શહેર નાઓને વટવા ટંકાર પાછળ આવેલ માનવનગર ખાતેથી આજરોજ કલાક ૧૮/૦૦ વાગે પકડી સારી કામગીરી કરેલ છે.સદર આરોપીને લીંબાયત પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીઝ કરેલ છે.



પાસા અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન

મિલ્કત સંબંધી પાસા અટકાયત

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા સારૂ આવા ગુનાઓ આચરતા ઇસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા સુચના કરેલ હોય જે અંગે (૧) સરદારનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૦૨૧૦૭૦૦/૨૦૨૧ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તથા (૨) નારણપુરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૪૨૧૦૦૫૨/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ તથા (૩) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૧૦૨૮૧/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તથા (૪) ચાંદખેડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૦૨૨૦/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તથા (૫) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૩૮૪/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦,૧૧૪ મુજબના ગુનાઓના કામનો આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે ધમો લીલાધર પ્રજાપતિ ઉં.વ.-૨૫ રહે. કુંભાજીની ચાલી, રામેશ્વર પુલ નીચે, મેઘાણીનગર, અમદાવાદ શહેર મુળવતન ગામ-બાજતપુર, તા.ઢોકી, થાના-ઢોકી, જીલ્લો-આગ્રા, ઉત્તરપ્રદેશ નાનો પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં તથા ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોકડ રકમ તથા કિંમતી ચીજવસ્તુઓ એલ.ઇ.ડી. ટીવીઓની ચોરી કરતો હોય જેને પકડી ચોરીએ ગયેલ મુદ્દામાલ રિકવર કરી જેના વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૪૦૬/૨૦૨૧ તા.૧૧/૦૬/૨૦૨૧ થી સદરી આરોપીને ભુજ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૧/૦૬/૨૦૨૧ કલાક ૨૨/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે ભુજ જેલ ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર કે.વી.પટેલ

(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



નારોલ પોલીસ સ્ટેશન

ઘરફોડચોરી જેવી મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પાસા અટકયતીને પાલારા જેલ ભુજ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં ઘરફોડચોરી જેવી મિલકત સબંધિત પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટેમાં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા અટકાયતી જાનુભાઈ દલાભાઈ નુરજીભાઈ જાતે પલાસ ઉ.વ.૩૦ રહે.ખજુરીયા ગામ મિનામા ફળીયુ તા.ગરબાડા જી.દાહોદ નાઓ વિરૂદ્ધમાં ઘણા ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની ઘરફોડચોરી જેવી મિલકત સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૦૪/૨૦૨૧ તા.૧૧/૦૬/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ તા : ૧૨/૦૬/૨૦૨૧ ના કલાક ૧૨/૦૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાલરા જેલ ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીનું નામ

જાનુભાઈ દલાભાઈ નુરજીભાઈ જાતે-પલાસ ઉ.વ.૩૦ રહે, ખજુરીયા ગામ મિનામા ફળીયુ તા.ગરબાડા જી.દાહોદ

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ

નારોલ પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૯૬૭/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ
નારોલ પો.સ્ટે પાર્ટ એ.ગુ.ર.નં ૧૧૧૯૧૦૬૫૨૦૧૦૦૨/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ નારોલ પો.સ્ટે પાર્ટ એ.ગુ.ર.નં ૧૧૧૯૧૦૬૫૨૦૧૦૮૭/૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ

ખેડા ટાઉન પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૨૦૪૦૨૫૨૦૦૦૫૦/૨૦ ધી ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭,૩૮૦,૩૮૧, ૪૬૧,૧૧૪ મુજબ

ધોળકા પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં. ૬૧૫/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭,૩૮૦,૫૧૧,૧૧૪ મુજબ

ધોળકા પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં. ૬૮૭/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ

કણભા પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૨૦૩૦૨૦૦૬૩૧/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

એ.જી.બ્રીદ પોલીસ સબ ઇન્સપેક્ટર સર્વેલન્સ સ્કોડ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં.૧૨૧૭૧



પીસીબી

સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જુગાર રમતા તેમજ દારુની મહેફિલ માણતા ૧૮ ઈસમોને કુલ્લે રુપિયા ૧,૫૫,૧૯૯/ ના મુદામાલ સાથે દારુનુ પીઠુ ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ આપેલ સુચના અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૦.૬.૨૧ ના રોજ નાઓ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિંહ, અહેકો જામસિહ રણુભા, અહેકો વિજયસિહ હિંદુજી, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અહેકો મહેંદ્ર વાસુદેવ, અહેકો ચેતનસિહ નટવરસિહ, અહેકો મનોજ વિઠ્ઠલભાઈ, અહેકો ધીરજભાઈ લક્ષ્મણભાઈ, અહેકો દીપનારાયણ રાજનારાયણ, અહેકો પ્રહલાદસિંહ રણુભા, અહેકો કૃષ્ણરાજસિહ હનુભા તથા અપોકો વિજયસિહ પૃથ્વીસિહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો કૃષ્ણરાજસિહ હનુભા નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મકાન નં.૧૧૩, બી વોર્ડ, જલારામ ટ્રેડર્સની ગલીમાં, સિલ્વર પેપર રેસ્ટેરન્ટની સામે, છારાનગર રોડ, કુબેરનગર, અમદાવાદ શહેર ખાતે પંચો સાથે રેઈડ કરતા જુગાર રમતા ૯ આરોપીઓને રોકડા ૩૦,૨૯૦/ તેમજ જુગારના સાધનો મળી રુપિયા ૮૯,૭૯૦/ ના મુદામાલ સાથે તેમજ દારુની મહેફિલ માણતા ૧૦ આરોપીઓને વિદેશી દારુની બોટલો નંગ ૨૧ કિ.રુ.૩,૧૫૯/ તથા દેશી દારુ ૧૦ લીટર કિ.રુ.૨૦૦/ તથા ૨૦૦ લીટર વોશ કિ.રુ.૪૦૦/ તથા અન્ય મુદામાલ મળી રુપિયા ૬૫૪૦૯/ સાથે મળી કુલ્લે રુપિયા ૧,૫૫,૧૯૯/ ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા અલગ અલગ કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૦૨૧૧૬૭૩/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ તથા પ્રોહી.ગુરન ૧૧૧૯૧૦૪૦૨૧૧૬૭૪.૨૧ પ્રોહી.કલમ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૬૫(ઈ), ૬૫(એફ), ૬૮, ૮૩, ૮૪, ૮૬, ૧૧૬(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામ આવેલ છે

જુગાર કેસમા પકડાયેલ આરોપીઓ :

(૧) નૌશાદઆલમ સગીરુદ્દિન શેખ ઉ.વ.૪૯, રહે. મ.નં.૧૧૩, બી વોર્ડ, જલારામ ટ્રેડર્સની ગલીમાં, સિલ્વર પેપર રેસ્ટોરન્ટની સામે, છારાનગર રોડ, કુબેરનગર, અમદાવાદ. તથા મુળ ગામ. લોધાવાડી, થાના. તેઢાગાજ, જી. કિશનગંજ, બિહાર.(૨) રવી શંકરલાલ ગોસ્વામી ઉ.વ.૨૯, રહે. મ.નં.બી/૩૦૭, સિંધી કોલોની, શાંતિપ્રકાશ હોસ્પિટલ સામે, સરદારનગર, અમદાવાદ શહેર.(૩) હાર્દિક કનૈયાલાલ શેઠ ઉ.વ.૩૫, રહે. મ.નં.સી/૧૧૯, નયનગર, પાયલપાર્ક, જૈન દેરાસર પાસે, કૃષ્ણનગર, અમદાવાદ શહેર.(૪) પરેશ રાજકુમાર સુખવાણી ઉ.વ.૪૨, રહે. મ.નં.સી/૧૩૨, ઘનશ્યામનગર, નોબલનગર પોલીસ ચોકી પાસે, નોબલનગર, અમદાવાદ શહેર.(૫) જગદીશ ચેલાજી પરીહાર ઉ.વ.૩૨, રહે. જશવંત કોલોની, ખોડીયાર માતાજીના મંદિર પાસે, નરોડા,

અમદાવાદ શહેર.(૬) આશીષ નગીનભાઇ અગ્રવાલ ઉ.વ.૧૯, રહે. મ.નં.બી/૩૦૪, દિવ્યજીવન સીટી, સ્વામીનારાયણ પાર્કની સામે, કઠવાડા રોડ, નિકોલ, અમદાવાદ શહેર.(૭) પેટરસન માઇકલ ક્રિસ્ટી ઉ.વ.૩૩, રહે. મ.નં.૭/૧, શીવમનગર સોસાયટી, પંડીત નેહરૂ સ્કુલની સામે, બહેરામપુરા, અમદાવાદ શહેર.(૮) દેવરથ પ્રદીપકુમાર બુટોલા ઉ.વ.૩૧, રહે. મ.નં.સી/૪૯૫, મનિષાપાર્ક, અંબિકાનગર પાસે, ઓઢવ, અમદાવાદ શહેર. (૯) ચિંતક મુકેશભાઇ ઇન્દ્રેકર ઉ.વ.૨૪, રહે. ગોપાલનગરના છાપરા, માયા સિનેમાની સામે, કુબેરનગર, અમદાવાદ શહેર

વોન્ટેડ આરોપી :

સતિષ ઉર્ફે પીન્ટુ શ્રીચંદ ગારંગે રહે. મ.નં.૧૧૩, બી વોર્ડ, જલારામ ટ્રેડર્સની ગલીમાં, સિલ્વર પેપર રેસ્ટેરન્ટની સામે, છારાનગર રોડ, કુબેરનગર, અમદાવાદ શહેર.

દારૂની મહેફિલ માણતા પકડાયેલ આરોપીઓ :

(૧) નૌશાદઆલમ સગીરુદ્દિન શેખ ઉ.વ.૪૯, રહે. મ.નં.૧૧૩, બી વોર્ડ, જલારામ ટ્રેડર્સની ગલીમાં, સિલ્વર પેપર રેસ્ટોરન્ટની સામે, છારાનગર રોડ, કુબેરનગર, અમદાવાદ. તથા મુળ ગામ. લોધાવાડી, થાના. તેઢાગાજ, જી. કિશનગંજ, બિહાર.(૨) ઇરફાનખાન અકબુલખાન ખાન ઉ.વ.૨૬, રહે. હાલ. સોનુના મકાનમાં, બી વોર્ડ, સિલ્વર પેપર રેસ્ટોરન્ટની પાસે, છારાનગર રોડ, કુબેરનગર, અમદાવાદ શહેર. મુળ ગામ. સિકટય, જી. અરરીયા, બિહાર. (૩) કુલદીપસિંહ રણજીતસિંહ મહિડા ઉ.વ.૨૨, રહે. મ.નં.૨૯, જયસુકન ટેનામેન્ટ, પુનમા બેકરીની પાસે, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ.(૪) હિરેન રતીલાલ આહીર ઉ.વ.૩૭, રહે. મ.નં.કે/૫૦૨, ક્રીસ રેસીડેન્સી-૧, દીપક સ્કુલ પાસે, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ શહેર.(૫) વિરેશ સુરેશચંન્દ્ર મોદી ઉ.વ.૩૯, રહે. મ.નં.સી/૩૦૧, ક્રીસ રેસીડેન્સી-૨, દીપક સ્કુલ પાસે, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ શહેર.(૬) દિલાવરસિંહ જયદેવસિંહ ઝાલા ઉ.વ.૨૭, રહે. મ.નં.૩૫, ખોડલધામ સોસાયટી, પુનમ બેકરી પાસે, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ શહેર.(૭) ગીરીશ પ્રેમચંદ હોથવાણી ઉ.વ.૨૪, રહે. મ.નં.૧૧, ગંગાસાગર ફ્લેટ, આર્ય સમાજની બાજુમાં, સૈજપુર, અમદાવાદ શહેર.(૮) સોબીતસિંગ સુધીરકુમાર સિંગ ઉ.વ.૪૮, રહે. મ.નં.બી/૨૪, સ્વાગત બંગલોઝ-૩, ન્યુ સીજી રોડ, ચાંદખેડા, અમદાવાદ શહેર.(૯) વિશાલ મહેન્દ્રભાઇ બગડીયા ઉ.વ.૩૯, રહે. મ.નં.બી/૧૦૨, અબજીબાપા ગ્રીન ફ્લેટ, કાનબા હોસ્પિટલ પાસે, નિકોલ, અમદાવાદ શહેર(૧૦) પ્રેમ શ્રીકાંત અગ્રવાલ ઉ.વ.૩૩, રહે. મ.નં.આઇ/૩૦૨, ક્રીસ રેસીડેન્સી-૧, દીપક સ્કુલ પાસે, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ શહેર

વોન્ટેડ આરોપી :

સતિષ ઉર્ફે પીન્ટુ શ્રીચંદ ગારંગે રહે. મ.નં.૧૧૩, બી વોર્ડ, જલારામ ટ્રેડર્સની ગલીમાં, સિલ્વર પેપર રેસ્ટેરન્ટની સામે, છારાનગર રોડ, કુબેરનગર, અમદાવાદ શહેર.

ગુનાની જગ્યા :

વોન્ટેડ આરોપી સતિષ ઉર્ફે પીન્ટુ શ્રીચંદ ગારંગેના રહેણાંક મકાન નં.૧૧૩, બી વોર્ડ, જલારામ ટ્રેડર્સની ગલીમાં, સિલ્વર પેપર રેસ્ટેરન્ટની સામે, છારાનગર રોડ, કુબેરનગર, અમદાવાદ શહેર ખાતેથી.

જુગાર કેસમા પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા નાંણા રૂ.૩૦,૨૯૦/-, (૨) મોબાઇલ ફોન નંગ-૯ કિંમત રૂ.૫૯,૫૦૦/- (૩) ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/- (૪) ચટ્ટાઇ નંગ-૧ કિંમત રૂ.૦૦/- મળી કુલ કિંમત રૂ.૮૯,૭૯૦/- ની મત્તાનો મુદ્દામાલ

દારૂની મહેફીલના કેસમા પકડાયેલ મુદામાલ:

(૧) વિદેશી દારૂ ભરેલ કાચની બોટલ નંગ-૨૧ કિંમત રૂ.૩,૧૫૯/-, (૨) ૧૦ લીટર દેશી દારૂ ભરેલ પ્લાસ્ટીકનો કેરબો કિંમત રૂ.૨૦૦/-, (૩) સેમ્પલ બાટલી નંગ-૨ કિંમત રૂ.૦૦/-, (૪) ૨૦૦ લીટર વોશ કિંમત રૂ.૪૦૦/-, (૫) પ્લાસ્ટીકના ગ્લાસ નંગ-૮ તથા ખાલી બોટલો નંગ-૧૨ કિંમત રૂ.૦૦/-, (૬) રોકડા નાંણા રૂ.૨૬,૧૫૦/-(૭) મોબાઇલ ફોન નંગ-૮ કિંમત રૂ.૩૫,૫૦૦/- મળી કુલ કિંમત રૂ.૬૫,૪૦૯/- ની મત્તાનો મુદ્દામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૯૫ લીટર દેશી દારૂ, ૧૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨ કવાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૦૪૪/૨૦૨૧**

સેટેલાઈટઃ મોહમ્મદસુલેમ સ/ઓ મોહમ્મદયુનુશ બકરવાલા (ઉ.વ.૧૮) (રહે. બાગેનિશાંત સોસાયટી સોનલ સિનેમા સામે વેજલપુર રોડ વેજલપુર) એ તા.૧૧/૦૬/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહમ્મદસુલેમ બકરવાલા ચંદીગઢ યુનિવર્સિટી બી ટેક કોમ્પ્યુટર સાયન્સ એન્જીનીયરીંગ (BE-CSE) પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા અને ચંદીગઢ યુનિવર્સિટી મોહાલી પંજાબનું શિક્ષણ સારૂ હોઈ વધુ અભ્યાસ માટે અમદાવાદ સેટેલાઇટ જોધપુર ક્રોસ રોડ સત્યમ મોલ ઓફિસ નંબર.૧૪૨-૧૪૩ ખાતે તા.૧૮/૦૯/૨૦૨૦ ના રોજ ચંદીગઢ યુનિવર્સીટીના જવાબદાર વ્યક્તિ રતન ધીસુલાલ તાતેર (રહે. એફ/૪૦૧ સુકન ઓર્ચીડ ન્યુ સી.જી.રોડ અમદાવાદ) (મુળ વતન. એફ/૧૦૪-એ, સુંદર વિહાર સ્વેજ ફાર્મ રોડ રામનગર સાંગાનેર રોડની બાજુમાં જયપુર રાજસ્થાન) નાઓ પાસે જઈ ચંદીગઢ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે માહીતી મેળવતા ૧ વર્ષની ફી ૧,૬૦,૦૦૦/- (સત્ર ફી ૮૦,૦૦૦/-) જણાવતા મોહમ્મદસુલેમ બકરવાલાએ પ્રવેશ ફી પેટે રૂપિયા ૧૦,૦૦૦/- ભર્યા હતા. ત્યારબાદ જુદા-જુદા સમયગાળા દરમ્યાન અલગ-અલગ માધ્યમથી રૂપિયા ૭૦,૦૦૦/- ભર્યા હતા. ત્યારબાદ મોહમ્મદસુલેમ બકરવાલા રસીદ લેવા ઓફીસ ગયા હતા ત્યારે તેમના પ્રવેશના રૂપિયા ૧૦,૦૦૦/- ભરાયા હતા અને ૭૦,૦૦૦/- ભરાયેલ ન હતા. તેમજ અન્ય ૧૩ જેટલા વિદ્યાર્થીઓના મળી આશરે રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- લઇ યુનિવર્સીટીનાં ખાતામાં નહી ભરી રતન ધીસુલાલ તાતેર નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૦૪૫/૨૦૨૧**

ગાયકવાડ હવેલીઃ કુતબુદીન ફકરુદીન વોરા (રહે. કઉકા તા-ધોળકા જિલ્લો-અમદાવાદ) એ તા.૧૧/૦૬/૨૦૨૧ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે જમાલપુર શીફા હોસ્પિટલના દરવાજા બહાર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી પર્સ ચોરી કરી કરી લઈ ગઈ હતી. પર્સમાં રોકડ રૂપિયા ૨,૪૫,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૪૬/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ શાંતાબહેન મંગાભાઇ સેનમા (ઉ.વ.૫૭) (રહે.ચેહરનગર રબારી વાસ કેનાલ પાસે સોલા ગામની બાજુમાં સોલા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની એંગલમાં દોરી બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૬/૨૦૨૧ કલાક ૧/૨૬ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી